# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

હોત છૂટા
તો
કેડીઓ કંડારત
તમારી પેઢીઓ માટે
કોઈના પગમાં
નાખીને બેડીઓ
ભૂંસી નાખ્યા તમે
માનવતા ભણી જતા
કંઈ કેટલાય રસ્તા

- વજેસિંહ પારગી

## પાથેય

- રમેશ ઠક્કર

# સરનામું શોધતાં માણસો...

વાચનની મારી વાટ આમ તો સડસડાટ જ ચાલતી હોય છે..પુસ્તકો માટે એવું કહેવાય છે કે અમુક ફકત વાંચવા ખાતર વાંચવાનાં હોય છે..કેટલાંક વાંચીને મમળાવવા જેવાં હોય છે..અને અમુક વાંચીને પચાવવા જેવાં હોય છે..પ્રેમમાં જેમ 'લવ એટ ફસ્ટ સાઈટ 'હોય છે એમ કેટલીક કિતાબો માટે પણ કહી શકાય..એકાદ બે પાનાં વાંચતાં જ આપણા મનનો કબજો લઈ લે એ પુસ્તક હંમેશાં મનગમતું બની જાય છે... "સરનામાં વિનાનાં માનવીઓ" આવું જ એક પુસ્તક છે.એનાં લેખિકા છે મિત્તલ પટેલ..આપણે એમને વિચરતા સમુદાય મંચના કર્મશીલ તરીકે ઓળખીએ છીએ..સોશિયલ મીડિયા અને ટેલિવિઝન કે અખબારોમાં એમની સાફલ્ય ગાથાઓ આપણે જોઈ છે.. વાદી, મદારી નટ ,બજાણિયા, સરાણિયા, વણઝારા, કાંગસિયા, ડફેર જેવા સમુદાયો જે એમના પરંપરાગત હુન્નર થકી આજીવિકા મેળવતા..પરંતુ આધુનિક જગતમાં એમનું જીવન દુષ્કર બન્યું છે..આ સમાજના ઉત્કર્ષ માટે એમણે જાણે ભેખ ધારણ કર્યો છે..એક મહિલા તરીકે, ડફેર જેવી ખૂંખાર જાતી કે સરાણિયા જેવા અતિ પછાત સમુદાયોના જીવનનો અભ્યાસ કરી સંવેદનાપૂર્વક એમના જીવનમાં અજવાળું પાથરવાનું કામ બહેન મિત્તલ કરે છે..

એમના અનુભવોનું આલેખન એટલે આ પુસ્તક..શરૂઆતનાં પ્રકરણો શેરડીના ખેતરોમાં કામ કરતા 'કોયતા' નામના ગરીબ કામદારો સાથેના એમના દોઢ માસના સહવાસનાં છે..એમાં એમની દારૂણ અવદશાનું કારૂણ્ય એવું ઘૂંટાયું છે કે બે પ્રકરણ પછી મારે પુસ્તક બાજુમાં મુકી દેવું પડયું..વેદનાનું એક લખલખું જાણે મને ઘેરી વળ્યું...આવું બહુ ઓછું બને છે..કેમકે મારી જાતને હું એક સજજ વાચક માનું છું. પણ આ ઉદાસીએ મને પરાસ્ત કરી દીધો.. આગળ વાંચવાની હિંમત જ ના રહી..આપણી આસપાસ જ જીવતા માણસોનું જીવન આવું પણ હોઈ શકે ? જ્યાં ભૂખને દબાવી દેવા માટે પેટ ઉપર તસતસતું કપડું લપેટી દેવામાં આવે..ભૂખથી રડતાં નાના ભૂલકાને સૂકાંભઠ્ઠ જનનીનાં સ્તન મળે..મન ખિન્ન થઈ જાય..આવી અનુભૂતિ મને વિનસન્ટ વાનગોગની જીવનકથા "સળગતાં સૂરજમુખી" વાંચતાં થઈ હતી..જેમાં ખાણિયાઓની દોઝખ જેવી જિંદગી વચ્ચે ફરતા એ ચિત્રકારની વાત હતી. આ કથાઓ ફક્ત શેરડીના મજુરો પુરતી જ નથી .ગરીબી બધે એક જ સરખી હોય છે..પેટ ભરવા માટે દેહ વ્યાપાર કરતી સરાણિયા બહેનો..વડિયા ગામ..પારાવાર મજબુરીઓ..સમાજ અને માણસોની સ્વાર્થવૃત્તિ..મિત્તલબેન આ બધા વચ્ચે મર્દાનગીથી કામ કરે છે. એમનાં દુઃખ દર્દને પોતાનાં ગણી મથામણ કરે છે...સંવેદનાનો એક આલેખ રચાય છે..ડફેર નામે માથાભારે ધાડપાડુ કોમ..લોકો એને ભયંકર ગુનેગાર માને..પણ એમની અંગત વ્યથાઓ પારાવાર..બહેન એકલપંડે એમના ડંગાઓમાં,વસાહતોમાં જાય..એમને મદદરૂપ થવાના તમામ પ્રયત્ન કરે..

કડકડતી ટાઢથી બચવા ધરતી ઉપર ખાડા ખોદી માથે છાપાનો ટૂકડો ઢાંકી ઉંઘી જતાં પરિવારો..મરણ પછી ખાડો ખોદાય પણ આ તો જીવવા માટે ખોદાતા ખાડા ! જીવન માટે ઝૂરતાં ઝઝૂમતાં આ દરિદ્રનારાયણો..જેનું કોઈ ચોક્કસ રહેઠાણ કે ઠેકાણું નથી..એમના માટે સ્વજન બની એ કામ કરે છે..સરનામાં વિનાનાં માનવીઓને એ એક સરનામું આપવાનો પ્રયાસ કરે છે.. પુસ્તક આવી વેદનાગ્રસ્ત કથાઓથી ભરપૂર છે..લેખિકા પોતે જ આ બધા સામે ઝઝૂમે છે..સફળ પણ થાય છે. આ સમુદાયોને ઈલેક્શન કાર્ડ, રેશન કાર્ડ જેવી વસ્તુઓ એમની પેઢીઓમાં પ્રથમવાર મળે છે..આ બધા અનુભવો, સંઘર્ષો રસપ્રદ હોવાની સાથે માણસ તરીકે આપણને ટપારી પણ જાય છે. સમાજના આ અતિ ગરીબ,તરછોડાયેલા, અને ભુલાઈ ગયેલા માણસો સાથેનું એક સંવેદનાસભર અનુસંધાન આપણને ક્ષૂબ્ધ કરી જાય છે..

# તાજ : અકબરની કથાનું નવું પરિમાણ

અકબર - સલીમ - અનારકલીની કથાને લઈને કે.આસિફે કલાસિક ફિલ્મ 'મુગલ-એ-આઝમ' બનાવી હતી. પૃથ્વીરાજ કપૂર, દિલીપ કુમાર અને મધુબાલાની એ ત્રિપુટી હંમેશા યાદ રહે એવી એ ફિલ્મ હતી. આશુતોષ ગોવારીકરે માત્ર અકબર અને જોધાબાઈની પ્રણયકથાને કેન્દ્રમાં રાખીને 'જોધા અકબર' બનાવી હતી. ટૂંકમાં બાદશાહ તરીકે અકબરના જીવનમાં ઘણી બધી નાટ્યાત્મકતા રહેલી છે. એ ફલિત થાય છે. એટલેજ ઝી ઓપન પ્લેટફોર્મ પર ફરી એ જ કથાવસ્તુને લઈને 'તાજ : ડિવાઈડેડ બાય બ્લડ' સિરિઝ રજૂ થઈ છે.




'તાજ' માં અકબરનું જીવન કેન્દ્રસ્થાને છે. સલીમ ઉપરાંત એના અન્ય બે સંતાોન મુરાદ અને દાનિશ વચ્ચેના સંબંધો, અકબર - અનારકલીના સંબંધો, અકબરના જોધાબાઈ સિવાય અન્ય બેગમો સાથેના સંબંધો અહીં જોવા મળે છે. અકબર ન્યાયપ્રિય બાદશાહ હતો એ પણ પોતાના સંતાનો સંદર્ભે એ નિર્ણય કરે છે ત્યારે પ્રગટ થાય છે, ટૂંકમાં, અકબર અને એની સાથે સંકળાયેલી સમયસ્યાઓ 'તાજ' વેબસિરીઝના કેન્દ્રમાં છે.

નસરુદ્દીન શાહ જેવો સમર્થ અભિનેતા, અકબરની ભૂમિકા ભજવે છે. અદિતી રાવ હૈદરી અનારકલીની ભૂમિકા ભજવે છે. સંધ્યા મૃદુલ જોધાબાઈની ભૂમિકા ભજવે છે. એ સિવાયના કલાકારો ઓછાં જાણીતા છે. અકબર ઈતિહાસને લેવાદેવા છે ત્યાં સુધી આ વેબસિરીઝમાં જે બતાવવામાં આવ્યું છે એની સામે પ્રશ્નો જરૂર ઊભા થાય.



**મન-રંજન**
દ્વનિલ પારેખ

અકબર અને અનારકલીના સંબંધો અને એના દ્વારા દાનિશ-નામનો પુત્ર, એ સમયે પણ 'ગે' અને 'લેસ્બિયન' સંબંધો હતા. એ દાનિસના પાત્ર દ્વારા ખબર પડે છે. આ બધી વિગતો,હકીકતોને ઈતિહાસ-કોઈ આધાર કરો કે? અનારકલીને જીવતી દિવાલમાં ચણાવી દેવી અને ત્યાંથી એ પલાયન થઈ જાય અને પછી એની હત્યા થાય એ વિગત પણ પ્રશ્ન ઊભો કરે છે.

આખી વેબસિરીઝમાં અકબર એક પછી એક સમસ્યાઓનો સામનો કરતો જોવા મળે છે. ત્રણે સંતાનો 'તાજ' માટે અંદરોઅંદર લડી મરે છે. અકબરની ભૂમિકામાં નશરુદીન શાહ દમદાર છે પણ આખી વેબસિરીઝમાંથી ફલિત એ થાય છે કે, અકબર એક નિષ્ફળ બાદશાહ હતો. ઈતિહાસ કદાચ જુદું કંઈક કહે છે.

# ફેંગશુઇ અને લાફિંગ બુદ્ધા

લાફિંગ બુદ્ધા ના આજે બીજા પ્રકાર વિશે જાણીશું અને બીજી કેટલીક મહત્વ ની માહિતી વિશે પણ સમજીશું.



**વાસ્તુ અને ફેંગશુઇ**
હિતેશ પટેલ

૧) સિક્કા ઉપર બેઠેલા લાફિંગ બુદ્ધા -આ પ્રકાર ના બુદ્ધા માં લાફિંગ બુદ્ધા ગોલ્ડન સિક્કા ઉપર બેઠેલા જોવા મળે છે અને જમણા હાથ માં ગોલ્ડન બોલ કે બોટ હોય છે. સિક્કા ઉપર ચાઈનીજ ભાષા માં લખાણ લખેલુ હોય છે અને વિવિધ ચિન્હ જોવા મળે છે. સુખ સમૃદ્ધિ અને ભાગ્ય ને આકર્ષવા ઉપયોગી છે. તે સંપત્તિ ની રક્ષા કરે છે તેવું દર્શાવે છે અને સમૃદ્ધિ લાવે છે.

૨)કાચબા ઉપર બેઠેલા લાફિંગ બુદ્ધા -આ લાફિંગ બુદ્ધા સિક્કા ઉપર બેઠેલા કાચબા ઉપર બિરાજમાન હોય છે. જેમના જમણાં હાથ મા દંડ અને ડાબા હાથ માં ગોલ્ડન બોલ હોય છે. સિક્કા અને કાચબા ઉપર વિવિધ ચિન્હો જોવા મળે છે. ધન, સમૃદ્ધિ,સુખ શાંતિ તથા ભાગ્ય ને આકર્ષે છે. ખુબ શુભ છે.

૩)-ધન ની પોટલી ખેંચતા લાફિંગ બુદ્ધા -આ પ્રકાર ના બુદ્ધા માં એક હાથ માં વું લુ અને બીજા હાથ માં મોટી કોથળી - પોટલી હોય છે. એવુ માનવામાં આવે છે કે આ બુદ્ધા પોટલી માં મુશ્કેલીઓ દુઃખ અને સમસ્યાઓ ને લઈ જય છે અને ધન સમૃદ્ધિ થી ભરેલ પોટલી લાવે છે જયારે વું લુ સારા સ્વાસ્થ્ય અને તંદુરસ્તી નું પ્રતીક છે.










૪)માળા સાથે બેઠેલા લાફિંગ બુદ્ધા - આ પ્રકાર ના બુદ્ધા માં એક હાથ માં માળા હોય છે જેને વિવિધ ફ્રુટ ની ઉપમા આપવામાં આવી છે. જેમ કે દ્રાક્ષ, લીચી વગેરે. આ બુદ્ધા શાંતિ, ધ્યાન, એકાગ્રતા અને સૌભાગ્ય માટે જાણીતા છે.

લાફિગ બુદ્ધા વિવિધ મટીરીયલ માંથી બનાવામાં આવે છે. જેમાં ધાતુ, લાકડું કે સ્ટોન નો સમાવેશ થાય છે. ધાતુ માં સોના, ચાંદી, પિત્તળ, તાંબું વગેરે માંથી બનાવામાં આવે છે. ધાતુ ના બુદ્ધા ધન સંપત્તિ અને સારા સૈભાગ્ય માટે હોય છે.તેને સંપત્તિ ક્ષેત્ર માંથી મુકવામાં આવે છે.ગોલ્ડન બુદ્ધા આ પ્રકાર માં ગણી શકાય.

બીજા લાફિન્ગ બુદ્ધા જેડ નામના ગ્રીન સ્ટોન માંથી બનાવામાં આવે છે. તેને સારા સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે જોવામાં આવે છે. તેને સ્વાસ્થ્ય ક્ષેત્ર માં મુકવામાં આવે છે.

ત્રીજા બુદ્ધા લાકડામાંથી બનાવામાં આવે છે. જે સારા સંબંધો અને પારિવારિક એકતા માટે હોય છે. તેને પરિવાર ક્ષેત્ર માં મૂકવામાં આવે છે. સુંદર સંબંધો કેળવવા માટે આ પ્રકારના બુદ્ધા ઉપયોગમાં આવે છે.

આ બુદ્ધા વિવિધ કલર માં મળે છે જેમાં પીળા ગોલ્ડન, લાલ, જેડ ગ્રીન, બ્લેક, કલર માં જોવા મળે છે. જેનું પણ કલર પ્રમાણે અલગ અલગ મહત્વ હોય છે. જેમ કે ગોલ્ડન કલર સુખ, સમૃદ્ધિ અને ધન સાથે સંબંધિત છે.

# "કરે ઈચ્છાઓ પુરી હદ વટાવીને ને પછી કરે ઘોંઘાટ તમાસો કરીને એમ પણ બને "

ગઈકાલે વિશ્વ ચકલી દિવસ ઉજવાયો.

સાલું ચકલીઓ જોવા મળી કેટલી પણ બંશી સોશિયલ મીડિયામાં જ.

આપણે પણ કેવા છીએ નહી... જ્યારે જે હોય જે સમયે એની જાળવણી કરતાં નથી અને દૂર જાય એટલે મોરચા કાઢીએ મેળવવા માટે.

બધા જ સુખ સગવડ, એશો આરામ બધું મેળવવા ઘમ પછાડા કરે પછી ફરીયાદ કરે ને બચાવોની

બૂમો પાડે શું એ જ માણસ !

છાયડો શોધે કાર પાર્કિંગમાં અને વૃક્ષને બદલે એર કુલરમાં પાણી ભર્યા કરે આજનો માણસ.

ઘર ખેતરની જમીનમાં ખરીદે અને કબૂતર પાસે આવે એટલે કબૂતર જાળી નખાવે, અને દાણાના બદલે સેવ નાખે આજનો માણસ.

જેમ આપણા બાળકો ફાસ્ટ ફૂડ ખાય અને અમુક પ્રકારના ધાન્ય નથી જોયા એમ પક્ષીઓ સાથે પણ આ ઘટના બની છે.

જુવાર ખાધે પક્ષીઓને વર્ષો થયા. આજકાલ ચણના બદલે સેવ પીરસાય છે પક્ષીઓ ને.

અને પાછા ભૂખ્યા તરસ્યા એ પણ હોંશે હોશે આરોગે.

આપણે ખેતરોમાં જઈને મકાનો બનાવ્યાં.

આલીશાન ફોર બી એચ કે..

અને બે ત્રણ ગેલરી તો ખરી. અને પાછું ગાર્ડન વ્યુ આવે એવું ગમે બધાને.

પણ આસપાસ ઝાડ કેટલા? દૂર દૂર સુધી દેખાય નહી એવા. અરે પાડોશી પણ કેવાં.. આજુબાજુમાં કોણ રહે છે, ક્યારે આવે છે જાય છે,ખબર નહીં.

આપને એક પશુ પક્ષીઓના ખેતરમાં જઈને વસ્યા અને ગેલ રીમાં જાળી મુકાવીએ કે કબુતર કે અન્ય પક્ષી વાંદરા આવે નહિ એનાં માટે.

એક તો. આપણે એમનો વિસ્તાર પચાવી રહેણાક વિસ્તાર બનાવ્યો અને એમને જ દૂર કરવાના સાધનો મૂક્યા.

વાહ રે માણસ..

"લુપ્ત થઈ ગઈ છે, આજકાલ લાગણી
નિસાસો કેટલો ? ઈચ્છાઓ બધી લપસણી "

ગાઈકાલે તો મેં મારાં હીંચકા પર બેસેલી ચકલી જોઈને મેં બૂમો પાડી. " વાઉ, ચકલી ? એને જોવાને બદલે હું મોબાઈલ લેવા દોડી, એને પાણી કે ખાવાનું આપવું હતું..પણ મોબાઈલમાં ઉતારવા, સોસીયલ મીડિયામાં શેર કરવા. મારાં ગ્રુપમાં, સ્ટેટ્સ માં મૂકવા.

ને જાણે ચકલી ચી ચી કરતી બોલી પડી "આ મોબાઈલ ઘરે ઘરે છે ને એના ટાવરના રેડિયસન અમે ખમી ના શક્યા., બાકી ઘેર ઘેર અમે હતાં, ફોટા પાછળ, પંખે, બારીએ. એને જોઈને મારી આંખમાં આવેલું કુતુહલ પઆશ્ચર્ય અને આનંદ ક્ષણમાં આંસુમાં બદલાઈ ગયું.

કંઈક પામવા આપણે કેટલું ગુમાવ્યું.

એ ચકા ચકીની વાર્તા ખરેખર વાર્તા જ થઈ ગઈ.

આ વિશ્વ ચકલી દિવસે મોબાઈલમાં સોસીયલ મીડિયામાં બધે ચકલીઓ જ..

આ એક સકારાત્મક પાસું છે, પણ આવો દિવસ ઉજવવો પડ્યો એ નેગેટિવ પાસું છે આપણું.



**એમ પણ બને !**
પારૂલ અમિત

આપણે બાળકોના નામ પણ ચકી રાખતા. આજકાલ એ પણ લુપ્ત થયા.

ચકલી પ.એક એવું નાનકડુ પક્ષી જે તૂટેલી કે અર્ધી બારીમાંથી ઘરમાં આવી જતું. આજકાલ તૂટેલી બારી પણ નથી રાખતા આપણે.

આપણે બહાર તાળું મારી જતા પણ પેલી ચકલી માટે અડધી બારી ખુલ્લી રાખતા.

મોર્ડન પ્લાસ્ટિકની સાવરણી આવી ગઈ એટલે પેલી જૂની સાવરણી જેનો એ કચરો કરતી પઘરમાં લટકાવેલા ફોટાઓ પાછળ માળો મુકતી ત્યારે.

આપણે ક્યારેય આ બાબતો ગંભીરતા નથી લીધી, બારી, લટકાવેલા ફોટા, સાવરણી આ બધું આપણે રાખ્યું જ ક્યાં? એ નાનકડી ચીં ચીં કરતી ચકલી માટે.

આપણે રાખ્યો માત્ર એક દિવસ.

આપણે બેઠાં હોય અને એ ઉડાઉડ કરતું ઘરમાં.. ભલે ઘર નાનું હતું પણ એની અવર જવર આલીસાન અહેસાસ કરાવતું ચકલીઓ માટે નો એન્ટ્રી નહોતી.

આવું ઘણું આપણે ગુમાવ્યું છે, તૈયાર લોટ લાવતા આપણે જે ઘરમાં ઘઉંના કટ્ટા આવતા એ આસપાસની બહેનો એકબીજાને ત્યાં કાંકરા વીણવા જતી અને સમય ફાળવતી, મજા લેતી. એ દિવસો મોર્ડન બનવામાં તૈયાર, ઈન્સ્ટન્ટમાં ખોવાઈ ગયા.

શું આપણો વિકાસ બલિદાન માંગે છે

પાછો વિશ્વ વન દિવસ અને વિશ્વ જળ દિવસ પણ લાઈનમાં.

આ પરિસ્થિતિ મુજબ કેટલા ઈન્સ્ટન્ટ છીએ આપણે? શું અમુક વસ્તુ પાછળની ગાંડી દોટમાં આપણે ઘણું ગુમાવી બેઠાં છીએ એવું નથી લાગતું.

અંધારપટ છવાય પછી દિવસો ઉજવાય છે,
કોઈ કહે ખરેખર સાચું શું ઉજવાય છે?
ગુમાવ્યાનો વસવસો કે યાદ છે હજુ એ સઘળું
માત્ર વિચારમાં રહી જાય છે કે આ લુપ્ત થતી લાગણીઓ
, જીવંત રહેશે કોણ કોણ
શું આપણાં જ હાથેથી ઠાર થશે? ચકલી જેવું નાનું પક્ષી.

parulamit198@gmail.com

# "એએએએએ સાઆઆદ સાંભળજોઓઓઓ..."

અમારા ગામડે એ જમાનામાં સરકારી કામોને બાદ કરીને ત્રણેક કામોમાં જ 'સાદ' પાડવાની પ્રથા હતી. હવે પ્રશ્ન એ થાય કે આ સાદ પાડવો એટલે વળી શું? સામુહિક પ્રત્યાયનના સાધનોનો અભાવ હતો એ સમયે ગામડા, નગરો અને શહેરોમાં વ્યવસ્થાતંત્ર દ્વારા નાગરિક જોગ સંદેશ આપવા માટે એક ઢોલી અને તેની સાથે એક મોટા અવાજવાળી વ્યક્તિ દરેક વિસ્તારમાં શેરીએ શેરીએ ફરતી ફરતી જાહેર સૂચના લોકો સુધી પહોંચાડે તેને સાદ પાડ્યો કહેવાય. બાળપણમાં મેં સાંભળેલો પહેલો 'સાદ' હતો "એએએએએ સાઆઆદ સાંભળજોઓઓઓ . . . તઈણ નંમરનો ખુંટીયો ગાંડો થ્યો છે . . ." ત્યાર બાદ સાંભળેલો બીજો સાદ હતો "એએએએએ સાઆઆદ સાંભળજોઓઓઓ . . . આજે રાઈતે લીમડા સોકમાં ભવાઈ થાવાની સે તો હઉ આઠ વાગે ભેળા થઈ જાજો . . ." અને ત્રીજો સાદ સાંભળેલો "એએએએએ સાઆઆદ સાંભળજોઓઓઓ . . . રેલવે ટેશણની વાહે મેદાનમાં આજે કઠપૂતળીના ખેલ થાવાનો સે, તો સૌને આમંત્રણ સેએએ . . ."

કહેવાય છે કે ગુજરાતની ભવાઈની જેમ આજે કઠપૂતળીની કળા પણ પાતળીને પાતળી થઈ રહી છે. અને આ પાતળા થવાની પ્રક્રીયા જો અવિરત રહેશે તો એક દિવસ એ અદ્રશ્ય થઈ જવાની. આજે લોકકલાઓ લુપ્ત થવાના કારણો એકદમ સ્પષ્ટ છે. આધૂનિકતાના વાયરામાં મનોરંજન પહેલા ટોકીઝ સુધી આવેલું, જે ટી.વી.ના માધ્યમથી આંગણે પહોંચ્યુ અને હવે તો દરેક ખીચ્ચામાં શોભતા મોબાઈલના માધ્યમથી તમારા ટેરવે વૈશ્વિક મનોરંજનોનો રાફડો ફાટ્યો છે. આ સ્થિતિમાં રાજસ્થાનમાંથી ગુજરાતમાં ઉતરી આવેલી કઠપૂતળીના માધ્યમથી ગાભા-ડુચાના બનેલા રાજા લાકડાની તલવારથી પોતાના દુશ્મનો પર પ્રહાર કરતો હોય અને પ્રહારો ઝીલતો હોય તે જોવા માટે ખુલ્લામાં પગવાળીને બેસવાની તસદી કોણ લે ?

અગાઉ આપણે ગુજરાતની ભરથરી પરંપરાના દશરથભાઈનો પરિચય કરેલો, ત્યાર બાદ એકદમ દેશી લહેકામાં ભજન ગાતા માધીબહેનને પણ મળેલા અને આજે થોડી વાતો કરીશું કઠપૂતળીની લોકકલાની અને તેના થોડા જ્યોતિર્ધરોની. ગઈ કાલે જ વૈશ્વિક ઓટલે 'વિશ્વ કઠપૂતળી દિવસ' ઉજવાયો, પરંતુ પાશ્ચાત્ય અફીણીઓને તો રોઝ ડે, કીસ ડે અને વેલેન્ટાઈન ડેનો નશો છે, એમાં કઠપૂતળી દિવસની વાત કરવા કોણ નવરું છે ? ગઈ કાલે સુષ્ઠુ સુષ્ઠુ ભાષામાં લખાયેલા કઠપૂતળીના ઈતિહાસની ભવ્ય વાતો તો આપણે વાંચી જ હશે, પરંતુ મૃતઃપ્રાય થવાના આરે ઉભેલી આ કળાની ચિંતા કોને છે ? હા, છે થોડાક વિરલા છે ગુજરાતમાં, જેઓ કઠપૂતળીની કળાને જીવતી રાખવા સતત પ્રયત્નશીલ છે. એ લોકોની પ્રતિબદ્ધતાએ જ કંઈક અંશે આ કળાને હજુ ભારતમાં અને ગુજરાતમાં લુપ્ત થવા દીધી નથી.

સૌથી મોટું નામ લઈએ તો પદ્મશ્રી દાદી પદમજીનું આવે. તેમણે અમદાવાદની નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈનમાં અભ્યાસ કર્યો અને 'દર્પણ' સંસ્થામાં પપેટ પર કામ કર્યું અને તેના વિશેષ અભ્યાસ માટે છેક સ્વિડન પણ ગયા. આમ ભારતીય કઠપૂતળીની કળામાં વૈશ્વિક કઠપૂતળી કળાના આયામો જોડાયા. કઠપૂતળીને જીવતી રાખવાના અને તેને પ્રચલિત કરવાના તેમના પ્રયાસોની કદર રૂપે જ એમને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પદમજી એ કઠપૂતળી વિસરતી જતી કળા છે તે અંગે બહુ રસપ્રદ જવાબ આપેલો. તેમણે કહેલું 'પપેટ નથી મરી રહી, પરંતુ આ કળાને જીવાડવાની જવાબદારી જેમના કંધે છે તે પ્રેક્ષકો મરી રહ્યા છે'. કેટલી સચોટ વાત.

ગુજરાતમાં કઠપૂતળીના જ્યોતિર્ધરોની વાત કરીએ તો આજે સક્રિય સર્વે પપેટીયર્સમાં સૌના ગુરૂ કહી શકાય એવા શ્રી મહિપત કવિ અને શ્રી રમેશ રાવલ છે. રમેશભાઈ રાવલ અને ગાંધીનગરના વરિષ્ઠ પત્રકાર શ્રી જિતેન્દ્રભાઈ ભટ્ટ બન્ને મહિપત કવિના ચેલા છે. દુખની વાત એ છે કે કોરોના કાળમાં કઠપૂતળીને વરીને લગ્ન ન કરનાર ૭૧ વર્ષના શ્રી રમેશભાઈ રાવલની આર્થિક સ્થિતિ એટલી ખરાબ થયેલી કે શ્રી જોરાવરસિંહ જાદવ અને અન્ય લોકોએ તેમને આર્થિક ટેકો કરવો પડેલો. જિતેન્દ્રભાઈ પોતે તો વ્યવસાયે પત્રકાર હોવાને નાતે કઠપૂતળી કળાને જીવંત રાખવા બને એટલા પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ તેમણે પોતાના દીકરાને કઠપૂતળી કળાનું ઘેલુ લગાડ્યુ છે. જિતેન્દ્રભાઈનો પુત્ર સિદ્ધાર્થ કર્મે ભલે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રહ્યો પરંતુ ધર્મે તે કઠપૂતળીનો સાચો પુજારી છે. આ જ રીતે અમરેલીના લીલીયા નજીક આવેલા પુંજાપાદર ગામમાં પ્રાથમિક શિક્ષક તરીકે સેવારત ડૉ. પ્રણવ વ્યાસ પણ ગણ્યાગાંઠ્યા કઠપૂતળી ઉપાસકોમાંનો એક છે. પ્રણવે ડૉક્ટરેટના અભ્યાસમાં બહુ સુંદર વિષય પસંદ કર્યો છે "ગુજરાતી લોકકથા પ્રસ્તુતિકરણના માધ્યમો અને પૂતળીકળા - એક અભ્યાસ".



**જાત સાથે વાત**
ધર્મેન્દ્ર ત્રિવેદી

જોવા જેવી વાત એ છે કે ગુજરાતમાં કઠપૂતળીની કળા પેઢીઓથી જીવંત રાખતા પૂતળી ભાટ સમૂદાયના લગભગ સવાસો જેટલા લોકો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને મહેસાણામાં વસી રહ્યા છે. આ લોકો માટે કઠપૂતળીના ખેલ કરીને જીવન નિર્વાહ કરવો અઘરો છે. તેમની આ જ વ્યથાને સાદ્યંત રજૂ કરતી એક ગુજરાતી ફીલ્મ પણ આવી ગઈ. શ્રી અદિતિ અને તેમના પતિ શ્રી યોગીભાઈએ 'ભંવર' નામની ફીલ્મ બનાવે જે એવોર્ડ પણ જીતેલી. આ ફીલ્મમાં ફીલ્મ જગતની ઝાકઝમાળથી અંજાઈ ગયેલો યુવાન ભંવર પરંપરાગત કઠપુતળીના વારસાને ત્યજીને ફીલ્મ જગતમાં જાય છે અને પ્રોડિગલ સનની જેમ અંતે પરંપરાનું મહત્વ સમજીને કઠપૂતળી કળાને જીવતી રાખવા પરત ફરે છે. નોંધપાત્ર બાબત એ છે કે આપણી પાસેથી આત્મસાત કરેલી કઠપૂતળી કળા દેશ-વિદેશમાં ખુબ જ વિકાસ પામી છે અને તેના કારણો એ છે કે ત્યાં કઠપૂતળી એ માત્ર રાજા-મહારાજાઓની લડાઈઓ પુરતી સીમિત ન રહેતા આધુનિક વાઘા ધારણ કરીને આજની પેઢીને લોભાવી રહી છે. ગુજરાત અને ભારત સરકાર કઠપૂતળીના વૈશ્વિક આધૂનિકીકરણના તુલનાત્મક અભ્યાસ અને ભારતમાં પણ આ કળા કેવી રીતે ફીનિક્સ પંખીની જેમ કેવી રીતે જીવંત થાય તે માટે પ્રયાસો કરે એવી આશ ગુજરાત અને ભારતના કઠપૂતળી કળાકારો રાખે એમાં અસ્થાને કશું જ નથી.

**હેન્ડબ્રેક:**

**આપણે સૌ નિયતિના હાથમાં કઠપૂતળી છીએ,**
**પરંતુ આપણને નચાવતી દોરી દેખાતી નથી.**

- ચાર્લ્સ ચેસનટ્ટ

djtrivedi@yahoo.com
મોબાઈલ : ૯૯૭૮૪૦૫૯૬૭